# ગ્રીનલોન્સ હાઈ સ્કુલ

તા.૨૪/૯/ ૨૦૨૦ ધોરણ ૬ ઠું.

ગુજરાતી અંક ૬૦

**વિભાગ: અ.**

પ્રશ્ન-૧ /અ. નીચેના વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (10)

૧-ઘર માં રમાતી રમતો

૨- મારી પ્રિય ઋતુ

૩- સમાજ સેવક(કોઈ પણ એક)

પ્રશ્ન -૧/બ. નીચે આપેલ મુદ્દા ને આધારે વાર્તા લખો. (૫)

હરણ અને કાગડો - મિત્ર - જંગલ માં સાથે - એક બીજા વિના  ન રેહવુ - મિત્ર નું માનવું - શિયાળ નું આવવું - કાગડા ને સમજ આવી જવી -  હરણ ને વાત કરવી - શિયાળ ની લાલચ -  હરણ ને ફસાવવું - કાગડા ની ના - હરણ નું  ન માનવું - જાળ માં ફસાવવું - મિત્ર ની વાત યાદ આવવી - કાગડા નું આવવું - બચી જવું.

પ્રશ્ન -૧/ ક (5)

નીચેનો ફકરો ધ્યાનથી વાંચીને નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

એક દિવસ સંજય અને વેદાંત શાળાએ જઈ રહ્યા હતા. રસ્તામાં તેમની સાથે જ અભ્યાસ કરતી કાજલનો સ્કૂટર સાથે ટકરાવાથી અકસ્માત થયો. તેને ઘણી જ ઈજા થઈ હતી. આ જોઈને વેદાંતે કહ્યું, ''સંજય, આ કાજલને તો ઘણી ઈજા થઈ છે. આપણે તેને મદદ કરવી જોઈએ.''

''પણ... આપણે શાળાએ જવાનું મોડું થશે અને સાહેબ આપણને વઢશે.'' સંજયે કહ્યું.

''અરે ! સારું કાર્ય કરવામાં તો સાહેબ ન બોલે. આપણે કાજલના ઘેર સમાચાર આપવા જોઈએ અને તેની સારવાર માટે તેને દવાખાને પહોંચાડવી જોઈએ.'' વેદાંત બોલ્યો.

''તારે જવું હોય તો જા, હું તો શાળાએ જ જઈશ.'' સંજય ન માન્યો.

ત્યાર બાદ વેદાંત કાજલને દવાખાને સારવાર માટે લઈ ગયો અને કાજલના ઘેર ફોન કરી તેનાં માતા-પિતાને સમાચાર આપ્યા. આ વાતની જ્યારે સાહેબને ખબર પડી ત્યારે સાહેબે વેદાંતને બીજાને મદદ કરવા બદલ શાબાશી આપી.

(૧) કાજલ કોની સાથે અભ્યાસ કરતી હતી ?

(૨) સંજયને શાનો ડર હતો ?

(૩) વેદાંતે કાજલની સારવાર માટે શું કર્યું ?

(૪) સાહેબે વેદાંતને શા માટે શાબાશી આપી ?

પ્રશ્ન – ૨/અ નીચે આપેલા રૂઢિ પ્રયોગ નો અર્થ લખી વાક્ય માં વાપરો. (3)

૧- આજીજી કરવી,.

૨ - પાછી પાની કરવી

પ્રશ્ન -૨/બ નીચે આપેલ શબ્દ ના અર્થ લખો. (૨)

૧- મંજૂર.,

૨- નિરક્ષર

૩- નાનપ

૪- મલક.

પ્રશ્ન -૨/ ક. નીચે આપેલ વિરોધી લખો. (૨)

૧- પરદેશ

૨- નિરક્ષર.

૩- જાણ.

૪- નીચ.

પ્રશ્ન -૩/અ. નીચે આપેલા શબ્દના વચન બદલો. (૧)

૧- પુસ્તક.

૨ - થાળી.

પ્રશ્ન ૩/બ નીચે આપેલા શબ્દ ની લિંગ બદલો. . (૧)

૧- ગોર.

૨ - પટેલ

પ્રશ્ન - ૩/ક. નીચે આપેલું વાક્ય ક્યાં કાળનું છે તે લખો. . (૧)

૧- રમેશ બગીચામાં ફરવા ગયો હતો.

૨- બાએ પાસ્તા સરસ બનાવ્યા છે.

## વિભાગ - બ

પ્રશ્ન -૧/અ. ખાલી જગ્યા પૂરો. (૩)

૧) નાનું કે મોટું કામ તેમને મન ____________________ .

૨)એક ______ ખુબજ ______ આરસ- પહાન ની મૂર્તિ ઘડી રહ્યો હતો.

પ્રશ્ન ૧/બ. શબ્દ ભૂલ સુધારીને લખો. (૨)

૧) પબલીક

૨) અત યનત

૩) પરિ શ્રમ

૪) કૂંજ ડી યું

પ્રશ્ન -૧/ક. એક શબ્દમાં જવાબ લખો. (૩)

૧) કવિએ કઈ મોસમ" મેહનત ની મોસમ " કહી છે?

૨) રવિશંકર મહારાજ ને ' મહારાજ ' નું બિરુદ કોને આપ્યું?

૩) વીસ ફુટ ઊંચા સ્તંભ પર શેની સ્થાપના કરવાની હતી ?

પ્રશ્ન ૨/અ. યોગ્ય જોડકા જોડો. (૨)

| અ. | | બ |
|---|---|---|
| ૧) દ્વિદલ. | અ) | ધીરુભાઈ પરીખ |
| ૨) હિંદ માતાને. સંબોધન. | બ) | મણિશંકર રતનજી ભટ્ટ |
| ૩) મેહનત ની મોસમ. | ક) | ડૉ.આઇ. કે. વીજળીવાળા |
| ૪) રવિશંકર | ડ) | નાથાલાલ |

મહારાજ.                દવે.

૧),________,૨),_______૩),______૪)_______

પ્રશ્ન ૨/બ. નીચે આપેલ શબ્દ પરથી વાક્ય બનાવો. (3)

૧) ખુશ - ખુશાલ.

૨) સીમ.

૩) પ્રસિધ્ધ.

પ્રશ્ન -૩/અ. એક વાક્ય માં જવાબ લખો. (3)

૧), બાજુમાં પડેલી મૂર્તિ ને શું નુકશાન થયું હતું ?

૨). જોગણ ગામ માં મહારાજે શું જોયું ?

૩) સીમ કોને સાદ કરે છે?

પ્રશ્ન - ૩/બ. નીચે આપેલ પ્રશ્નો ના જવાબ પૂરા વાક્યોમાં લખો. (૧૦)

૧). સ્ત્રી નો જવાબ સાંભળી યુવક ખુશ કેમ થયો ? સ્વમુલ્યાંકન એટલે શું? (૨. ૧/૨)

૨).મહારાજ કઇ કઇ આપતી માટે દોડી જતા ? (૩)

૩). મલક ને આબાદ કરવા કવિ શું સૂચવે છે ?    (૨. ૧/૨)

૪). શિલ્પી શું વિચારી બીજી મૂર્તિ બનાવી રહ્યો હતો? (૨)

પ્રશ્ન ૩/ક. નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (૪)

સેવા કરે________ એ પ્રાર્થના કરે, આ સંતાન સૌ તમારા.